# પાલણપુર રાજ્યમાં પડેલા દુષ્કાળો

પ્રા. દિપકભાઇ મોહનભાઇ પટેલ
જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટસ,
પાલનપુર.

ઇ.સ.૧૬૩૫માં દીવાન ફીરોઝખાન પહેલાએ પાલણપુર રાજ્યની સ્થાપના કરી હતી. ઇ.સ.૧૬૩૫ થી ૧૯૪૮ સુધી દીવાન શાસકોએ શાસન કર્યુ. હતુ. દીવાન શાસકોના શાસનમા પ્રજા એકંદરે સુખી હતી. આ સુખનો આધાર વરસાદ પર હતો. રાજ્યની ખેતી આકાશી હતી. વારંવાર અનાવૃષ્ટિ થતી તેથી સમગ્ર પ્રદેશ દુષ્કાળનો ભોગ બનતો. તેમાં ગુજરાત વ્યાપી કે ભારત વ્યાપી દુષ્કાળ પડે ત્યારે તો અહીના લોકોનુ જીવન નરક જેવુ થઇ જતુ. આવા ભીષણ દુષ્કાળો મુઘલ, મરાઠા અને બ્રિટીશકાલ દરમિયાન પાલણપુર રાજ્યમાં પડયા હતા.

## ૧. ઇ.સ.૧૭૪૭નો દુષ્કાળ :-

આ દુષ્કાળ ઇ.સ.૧૭૪૭ મા પડયા હતો. તેથી તે 'તેરોતરો' તરીકે ઓળખાય છે. આ વર્ષે પાલણપુર રાજ્યના ઘણા ભાગોમા વરસાદ ઓછો પડયા હતો. અનાજનુ ઉત્પાદન ઘણુ ઓછુ થયુ. તેથી ઝાડના મૂળીયા અને ઢોરનુ માંસ ખાઇને લોકોએ દિવસો પસાર કર્યા હતા.

- ઇ.સ.૧૭૫૬ અને ૧૭૮૫ મા પણ દુષ્કાળ પડયા હતા.
- ઇ.સ.૧૭૯૦-૯૧ ના દુષ્કાળ :-

આ દુષ્કાળ વિ.સ.૧૮૪૭ મા પડયા હોવાથી તે સુડતાલાના નામ ઓળખાય છે. આ દુષ્કાળમાં લોકો અન્ય પ્રદેશમાં સ્થળાંતર કરી ગયા હતા. કેટલાક ગામડા ઉજ્જડ બની ગયા.

-ઇ.સ.૧૮૦૪ નો દુષ્કાળ.

## ૨. ઇ.સ.૧૮૧૩નો દુષ્કાળ :-

મુઘલ અને મરાઠાકાલની જેમ બ્રિટીશકાલમા પાલણપુર રાજ્યમાં દુષ્કાળો પડયા હતાં. ઇ.સ.૧૮૧૧ માં વરસાદ ન પડવાથી અનાજ પાક્યુ નહિ. ઇ.સ.૧૮૧૨ મા વરસાદ પડવાથી સારો પાક ઉતરવાની આશા હતી પણ એ વર્ષમા તીડોના ટોળા ઉતરી આવ્યા અને અનાજનો નાશ કરી નાખ્યો. લોકો ઝાડની છાલનો ભૂકો કરી તથા ભીખ માગી કે ચોરી કરી થોડો લોટ મેળવી એકઠો કરી તેના રોટલા કરી ખાતા. કેટલાક લોકો જેઓ માંસાહારી હતા તેઓ ગાયો, ભેંસો વગેરે ઢોરો ચોરી જઇ મારી નાખી તે ઉપર ગુજરાન ચલાવતા. વળી એટલેથી સંતોષ ન થતા વધારે ભુખમરો ચાલવા લાગ્યો ત્યારે માણસ માણસને ખાવા લાગ્યા હતા. ભુખમરો એટલો બધો ચાલ્યો કે જેઓ જીવતા હતા તેઓના ઘરમા મરી ગયેલા માણસના મડદા પડેલા હતા. તેમને બાળવા અથવા ભૂમિદાહ દેવા લઇ જવાની શક્તિ ન હતી. આવા સમયે ઇ.સ.૧૮૧૩ના વર્ષના દુષ્કાળમાં પાલણપુરના દીવાને રૂ.૧ નું ૬ શેર પ્રમાણે ભરી રાખેલુ અનાજ લોકોને વેચવા માંડ્યુ હતુ. તે ઉપરાંત લોકોની રોજી પેદા કરવા સારુ જાહેર ઉપયોગના કામો શરૂ કરી ગરીબોને રોજી આપી તેમજ અનાજના રાજ્ય બહાર નિકાસનો પ્રતિબંધ દીવાને મુક્યો હતો.'

## ૩. અગણોતરો :-

આ દુષ્કાળ (વિ.સ.૧૮૬૯) ઇ.સ.૧૮૧૨-૧૩ માં પડયા હતો. તેથી તેને અગણોતરો તરીકે ઓળખવામા આવે છે. પડતા પર પાટુની માફક આ દુષ્કાળના વર્ષમાં તીડ પડ્યા અને ખેતરોમા ઘાસ રહેવા દીધુ નહિ. મારવાડમાંથી લોકોના ટોળે ટોળા ગુજરાતમા આવ્યા હતા. જેમણે દુષ્કાળ રાહત માટે મંગાવેલુ અનાજ પણ લુંટી લીધુ. આવા મારવાડીઓ 'માઉ' તરીકે ઓળખાતા.



Assistant Professor
G.E.S. Class-II
M. N. College, VISNAGAR

Assistant Professor
G.E.S. Class-II
M. N. College, VISNAGAR